જા.નં. મા-૨/ચૂંટણી/૨૦૨૦/૭૩૯૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.૦૮/૦૧/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ
માધ્યમિક /ઉ.મા. શાળાઓ તરફ.

**વિષય**:-સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૦ અંતર્ગત " મતદાર જાગૃતિ અભિયાન " અંગે એકટીવિટી નકકી થવા બાબત.

**સંદર્ભ**:- રાજય ચૂંટણી આયોગ બ્લોક નં.૯, છઠ્ઠો માળ, ગાંધીનગર, તા.૩૦/૧૨/૨૦૨૦ ના પત્ર અન્વયે.

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "મતદાર જાગૃતિ અભિયાન "State Voters' Awareness Programme" (SVAP) હાથ ધરવાનું રહે છે. પ્રવર્તમાન સમયમાં COVID-19 પ્રન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધ્યાનમાં લઇ લોકો સમૂહમાં એકઠા ન થાય અને "સોશિયલ ડિસ્ટન્સીગ" જળવાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.મતદાર જાગૃતિ અંગેના હોર્ડિંગ્સ/બેનર્સ/પોસ્ટર્સ વધુ અવર જવર રહેતી હોય તેવા સરકારી તથા જાહેર સ્થળોએ પ્રદર્શિત કરવા.

બસ સ્ટેંડ તથા એસ.ટી.બસો પર પોસ્ટર્સ/સ્લોગન્સ પ્રસિધ્ધ કરવા.મતદાર જાગૃતિ અંગેના સંદેશાઓના પ્રચાર-પ્રસાર કરવો. જિલ્લા/તાલુકા કક્ષાએ યોજાયેલ મતદાર જાગૃતિ કાર્યક્રમો/પ્રવૃતિઓની વિગતો ફેસબુક તથા અન્ય સોશ્યલ સાઇટ પર અપલોડ કરવી.

આપની કક્ષાએથી ડીજીટલ પ્લેટફોર્મ દ્રારા વિધાર્થીઓના માધ્યમથી શકય એટલુ મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ હાથ ધરાવના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

ચૂંટણી/અગ્રતા

ક્રમાક- રાચઆ/ચટણ/સ્થા/સ્વ/મ જા અભિયાન/૨૦૨૦/ ૨૨ ૩/ ૬ વી ,૨૨૪૩૩

રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં.૯, છઠ્ઠો માળ,
સચિવાલય ,ગાંધીનગર
તા..૩/૧૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી
અને કલેકટરશ્રી તમામ

વિષય :- સ્થાનિક સ્વરાજય ચૂંટણી -૨૦૨૦ અંતર્ગત " મતદાર જાગૃતિ અભિયાન " અંગે એક્ટીવિટી નકકી થવા બાબત

શ્રીમાન/ મહોદયા ,

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૦માં મતદારોને પ્રોત્સાહિત/પ્રશિક્ષિત કરવા અને મતદારો મતદાન કરવા પ્રેરાય અને કાયદા/નિયમોની જોગવાઇઓ સાથે ચૂંટણી પ્રક્રિયા અંગે સમજણ મેળવે તે હેતુથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૦ માં "મતદાર જાગૃતિ અભિયાન " State Voters' Awareness Programme" (SVAP) હાથ ધરવાનું રહે છે.

પ્રવર્તમાન સમયમાં COVID -19 પેન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધ્યાનમાં લઇ લોકો સમૂહમાં એકઠા ન થાય અને "સોશિયલ ડિસ્ટન્સીંગ" જળવાય તે બાબત ધ્યાનમાં રાખી મતદાર જાગૃતિ હેતુ નીચે દર્શાવ્યા મુજબનાં કાર્યકમો કરવાનાં રહે છે. આ માટે;

- જિલ્લા કક્ષાએ મતદાર જાગૃતિ કાર્યક્રમના મોનિટરીંગ માટે વર્ગ -૧ કક્ષાનાં સીનીયર અધિકારીશ્રીની લાયઝન અધિકારીશ્રી તરીકે નિમણૂક કરવી
- મતદાર જાગૃતિ અંગેનાં હોર્ડિંગ્સ/ બેનર્સ/ પોસ્ટર્સ વધુ અવર જવર રહેતી હોય તેવા સરકારી તથા જાહેર સ્થળોએ પ્રદર્શિત કરવા ( કન્ટેન્ટ અત્રેથી પૂરૂ પાડવામાં આવશે)
  (દા.ત. બસ સ્ટેન્ડ , રેલ્વે સ્ટેશન ,તમામ સરકારી કચેરીઓ ,એ.પી.એમ.સી., વાજબીભાવની દુકાન બેંક,CHC,PHC,પેટ્રોલ પંપ,વિગેરે)
- જિલ્લાના તમામ એસટી ડેપો મેનેજરની નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવી.
- બસ સ્ટેંડ તથા એસ.ટી. બસો પર પોસ્ટર્સ/ સ્લોગન્સ પ્રસિધ્ધ કરવા
- સ્થાનિક કેબલ /વીડિયોમાં મતદાનનું મહત્વ સમજાવતા સંદેશા સ્ક્રોલ (પટ્ટી) સ્વરૂપે સતત પ્રસારિત કરવા
- ચૂંટણી સાથે સંકળાયેલા હોય તેવા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનું વોટસએપ ગૃપ બનાવી સૂચનાઓનું વહન કરવું તેમજ મતદાર જાગૃતિ અંગેનાં સંદેશાઓનો પ્રચાર-પ્રસાર કરવો.

- જિલ્લા/તાલુકા કક્ષાએ યોજાયેલ મતદાર જાગૃતિ કાર્યક્રમો/ પ્રવૃતિઓની વિગતો ફેસબુક તથા અન્ય સોશ્યલ સાઇટ પર અપલોડ કરવી
- સરકારી વેબસાઇટ પર મતદાર જાગૃતિ અંગેનાં સંદેશા મૂકવા
- મતદાન જાગૃતિ અંગે ખાસ સ્ટેમ્પિંગ / સ્ટીકર્સનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય, જેમ કે :
- ગેસ સિલિંડર
- ટ્રાવેલ ટિકિટ
- દૂધની થેલી
- લેન્ડ રેકર્ડ ડોક્યુમેન્ટ
- સરકારી ચૂકવણાની પંહોચ
- દૂધ મંડળીઓ સાથે તાલુકા કક્ષાએ સંકલન કરી તેઓ દ્વારા અપાતી દૂધની રસીદમાં તથા દૂધની થેલીઓ પર મતદાન જાગૃતિ અંગેના સંદેશો છપાવવા.
- મતદાનના દિવસ સુધી નિયમિત રૂપે મતદાર જાગૃતિના ભાગ રૂપે મતદાર જાગૃતિ અંગે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રેસનોટ / જાહેર ખબર આપવી
- મતદાર જાગૃતિ અંગે લાઉડ સ્પીકર દ્વારા પબ્લિક એનાઉસમેન્ટ કરવું
- મતદાનના દિવસે Bulk SMS /E-mail Campaign દ્વારા
- તા.૦૧-૦૧-૨૦૨૧ની મતદારયાદીની પ્રાથમિક/આખરી પ્રસિધ્ધિનાં તબકકે મતદારોની જાગૃતિ માટે પણ યોગ્ય માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર કરવો.

ઉકત દર્શાવેલ વિગતવાર કાર્યક્રમોનું આપનાં કાર્યક્ષેત્રમાં અસરકારક રીતે અમલીકરણ થાય તે મુજબ આયોજન હાથ ધરવાનું રહેશે અને કરેલ પ્રવૃતિનું ડોક્યુમેન્ટેશન ,ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી કરવાની રહેશે તેમજ વખતોવખત અત્રે તેનું રીપોર્ટીંગ કરવાનું રહેશે.

આપનાં સ્થાનિક કાર્યક્ષેત્રની વિશિષ્ટતા કે સંજોગો મુજબ ઉકત દર્શાવેલ કાર્યક્રમો સિવાય અન્ય કોઇ નવતર કાર્યક્રમો પ્રયોગસ્વરૂપે હાથ ધરવા યોગ્ય જણાય તો તેવા કાર્યક્રમોનું આયોજન મતદાર જાગૃતિ હેતુ સિધ્ધ થાય તે મુજબ સ્થાનિક પરિસ્થિતિ મુજબ નિષ્પક્ષ રીતે હાથ ધરી શકાશે.

- પ્રચાર-પ્રસાર અર્થે મતદાર જાગૃતિ અભિયાન અંગેનાં હોર્ડિંગ્સ , પોસ્ટર્સ, બેનર્સ, પેમ્ફલેટ, વિગરે અંગેની વિગતો-કન્ટેન્ટ સમયાંતરે અત્રેથી પૂરૂ પાડવામાં આવશે. જે સ્થાનિક કક્ષાએ ડેવલેપ કરી પ્રિન્ટીંગ કરાવવાની અને પ્રસિધ્ધ કરવા માટેની કાર્યવાહી કરાવવાની રહેશે.
- મતદાર જાગૃતિ પ્રચાર-પ્રસાર માટે સ્લોગન, હોર્ડિંગ્સ , પોસ્ટર્સ, બેનર્સ, પેમ્ફલેટ વિગેરેનાં હેતુ માટે કોઇ વિગતો કે ગત સામાન્ય ચૂંટણી માટે કરવામાં આવેલ નવતર પ્રયોગોનું કન્ટેન્ટ આપનાં તરફથી સૂચવવામાં આવશે તો તે અન્ય જિલ્લાઓને પણ ઉપયોગી થશે.

વિશેષમાં કોવિડ-૧૯ પેન્ડેમિકની પરિસ્થિતિ ને ધ્યાને લઇ કેન્દ્ર સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય તથા ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ/ગૃહ વિભાગની વખતો વખતની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની રહેશે.

આ અંગે જરૂરી ગ્રાંટ અલગથી ફાળવવામાં આવશે .

આપનો વિશ્વાસુ.

(મહેશ જોશી)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના :

- મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ , જામનગર, ભાવનગર .